## ઈકોસિસ્ટમને સક્રિય બનાવવામાં સરકાર, શિક્ષણવિદો, સંશોધકો, ખાનગી ક્ષેત્રોની મહત્

# ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણને વધુ પ્રોત્સાહ

કોઈપણ દેશ અથવા પ્રદેશના ઔદ્યોગિક વિકાસ માટે ઉદ્યોગ સાહસિકતાને અંતિમ અને નિર્ણાયક પરિબળ ગણવામાં આવે છે. ભારત ઉદ્યોગ સાહસિકતાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે અને વિશ્વભરમાં સૌથી આકર્ષક આંત્રપ્રેનિયરલ સોસાયટીઝ પૈકીના એક તરીકે ઉભરી રહ્યું છે.

**ઉદ્યોગ સાહસિકતા**

સુનિલ શુક્લા

મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા અને સ્કીલ ઈન્ડિયા જેવી વિવિધ સરકારી પહેલોનો ઉદ્દેશ્ય મેનેજરિયલમાંથી આંત્રપ્રેનિયરલ તરીકે ભારતીય અર્થતંત્રને પરિવર્તિત કરવાનો છે.

ભારતે આ દિશામાં સંખ્યાબંધ પહેલ કરી હોવા છતાં પણ ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણ આપવા બાબતે સમર્પિત પ્રયાસો ખુબજ ઓછા થયાં છે. દેશમાં ખુબજ ઓછી સંસ્થાઓ છે કે જેઓ ઉદ્યોગ સાહસિકતાનું શિક્ષણ આપે છે તથા કેટલીક સંસ્થાઓ તેના વિશાળ અભ્યાસક્રમના એક હિસ્સામાં ઉદ્યોગ સાહસિકતાનો સમાવેશ કરે છે. જોકે, પ્રશ્ન એ છે કે શું આનાથી ભારત જેવા વિકાસશીલ દેશ માટે જરૂરી ઉદ્યોગ સાહસિકતાને બળ આપી શકાશે?



ઉદ્યોગ સાહસિકતાની ઈકોસિસ્ટમને સક્રિય બનાવવામાં સરકાર, શિક્ષણવિદો, સંશોધકો અને ખાનગી ક્ષેત્રો સહિતના હીતધારકો મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે. નીતિ નિર્ધારક તરીકે સરકાર ઉભરતા ઉદ્યોગ સાહસિકો માટેનો માર્ગ તૈયાર કરે છે, જ્યારે કે શિક્ષણવિદો, સંશોધકો અને ખાનગી ક્ષેત્રો નવી એન્ટરપ્રાઈઝના સર્જનમાં વિવિધ વેલ્યુ ચેઈન તરીકે તેમને સહયોગ આપે છે. ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શિક્ષણવિદો દ્વારા પ્રયાસો થઈ રહ્યાં છે તેમ છતાં જો ભારતે બેરોજગારીની સમસ્યાનો ઉકેલ લાવવો હશે તો આ બાબતે હજી ઘણું કામ કરવું પડશે.

ઉદ્યોગ સાહસિકતાના શિક્ષણને મજબૂત બનાવવાથી સમગ્ર ઉદ્યોગ સાહસિકતાની ઈકોસિસ્ટમને અસર થશે કારણકે તે ઉદ્યોગ સાહસિકતા સંબંધિત માનસિકતા પેદા કરવા માટે જરૂરી કૌશલ્યોનો વિકાસ સુનિશ્ચિત કરશે અને ભાવિ લીડર્સને જટીલ અને સંકલિત સમસ્યાઓ ઉકેલવા માટે સક્ષમ બનાવશે.

આનાથી મોટાભાગના નાના અને મધ્યમકદના ઉદ્યોગો (એસએમઈ)ને પણ મદદ મળી રહેશે કે જેઓ ઈચ્છે છે કે તેમની બીજી અને ત્રીજી પેઢી તેમના પારિવારિક કારોબારને વિકસાવે. ભારતમાં મોટાભાગના કારોબાર પરિવારની માલીકીના છે અને મોટાભાગના કારોબાર પાસે ઉત્તરાધિકારીની યોજના નથી. પ્રાઈઝ વોટરહાઉસ કૂપર્સના ઈન્ડિયા ફેમિલિ બિઝનેસ સર્વે 2016 મૂજબ દેશમાં માત્ર 15 ટકા ફેમિલિ બિઝનેસ પાસે સુઆયોજીત ઉત્તરાધિકારીની યોજના છે. ભારતમાં બેરોજગારીની સમસ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન

આપવું ખુબજ જરૂ
સુધીમાં 24 ચાર્વ
વધારાના કુશળ
ઉપરાંત હાલના કુ
લાખ લોકોને કુશ
તથા તેમની કુશળ
આનો મતલબ એ
માટે દરેક વ્યક્તિ
જરૂરી બનશે. અ
એન્ડ આંત્રપ્રેનિય
દ્વારા સમસ્યાનો ઉ

ઉદ્યોગ સાહસિ
ઉભરતા અર્થતંત્રે
અને વિદ્યાર્થીઓ
કરવા ઉપર ધ્યાન
ઉંચો દર હાંસલ
ઈનોવેશનની સંભ
વિકસિત અર્થતંત્ર
ઉદ્યોગોનો પ્રોફાઈ
નવી એન્ટરપ્રાઈઝ
કરે છે.